
# ભિલોડા તાલુકામાં ગત રાત્રે ધોધમાર વરસાદ ખાબક્યો

## ખેડુતોને વ્યાપક નુકશાન સહન કરવાનો વારો આવ્યો છે : હાથમતી, બુઢેલી, ઈન્દ્રાસી નદી બે કાંઠે વહેતી થઈ હતી

ભિલોડા, તા.૨૯

ભિલોડા, ઈડર, વિજયનગર, શામળાજી, દઢવાવ, ચિઠોડા, રેવાસ, સુનોખ, ટાકાટુકા, ટોરડા, પાલ્લા, ખેરાડી સહિત વિવિધ વિસ્તારોમાં ગત રાત્રે મુશળધાર વરસાદ ખાબક્યો હતો.

ભિલોડા પંથકમાં પાંચ ઈંચથી વધુ વરસાદ ખાબક્યો હતો.ભિલોડા સહિત આજુ-બાજુના વિસ્તારોમાં વીજળીના કડાકા-ભડાકા, મેઘગર્જના સાથે-સાથે તીવ્ર પવન ફુકાતા મુશળધાર વરસાદ ખાબકતાં મકાઈ, કપાસ, મગફળી, તલ, તુવેર, અળદ, એરંડા સહિત વિવિધ પ્રકારના ઉભા પાકોનો સોથ વળી ગયો હતો. અરવલ્લી અને સાબરકાંઠા જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં અષાઢી માહોલ છેલ્લા અઠવાડીયા સર્જાયો છે ત્યારે ઠેર-ઠેર જોત-જોતામાં અનરાધાર વરસાદ પડી રહ્યો છે. ભિલોડામાં આજે દિવસ દરમ્યાન પણ ૩૦ મી.મી. વરસાદ ખાબક્યો હતો.





ભિલોડા તાલુકાના ટોરડા પંથકમાં વીજળીના થાંભલા ધારાશાયી થતાં વીજ પુરવઠો ખોરવાયો હતો. ભિલોડા સહિત ઉપરવાસમાં ગત રાત્રે મુશળધાર વરસાદ ખાબક્યો હતો ત્યારે હાથમતી નદી, બુઢેલી નદી, ઈન્દ્રાસી નદી બે કાંઠે વહેતી થઈ હતી. ભિલોડાના હાર્દસમા અનેક નીચાણવાળા વિસ્તારોમાં ઠેર-ઠેર વરસાદી પાણી ભરાયા હતા. ભિલોડા તાલુકામાં મગફળીનું આશરે ૨૩૦૦ હેક્ટરમાં ખેડુતો ધ્વારા વાવેતર કરાયુ છે ત્યારે મગફળીના તૈયાર થયેલા પાક ઉપર આફતનો ખતરો છે. પાછોતરા વરસાદના કારણે મગફળીનો પાક બગડી જવાના કારણે ખેડુતોને લાખ્ખો રૂપિયાનું નુકશાન સહન કરવાનો વારો આવ્યો છે ત્યારે ખેડુતોને પાક વિમો મળશે કે કેમ? તે પ્રાણ પ્રશ્ન ખેડુતોને સતત મુઝવણમાં મુકી રહ્યો છે.

ભિલોડા, ઈડર, વિજયનગર, શામળાજી, દઢવાવ, ચિઠોડા, રેવાસ, સુનોખ, ટાકાટુકા, ટોરડા, પાલ્લા, ખેરાડી સહિત વિવિધ વિસ્તારોમાં પાછોતરા વરસાદે ખેડુતોની આશા ડુબાડી દેતા ખેડુતોને હવે માથે પોક મુકી રોવાનો વારો આવ્યો છે. હંમેશા ખેડુતોનું નસીબ ચાર ડગલા પાછળ જ હોય છે. ભિલોડા હાથમતી નદીના બ્રીજ ઉપર મોટા-મોટા ખાડા પડી ગયા હોવાના કારણે વાહન ચાલકો હેરાન પરેશાન બન્યા છે ત્યારે ક્યારેક અકસ્માત થવાની સંભાવના સેવાઈ રહી છે. લાગતા-વળતા તંત્રના જવાબદાર અધિકારીઓ ધ્વારા હાથમતી નદી ઉપરના બ્રીજ ઉપરના રોડનું સમારકામ કરવામાં આવે તેવી પ્રબળ લોકમાંગણી છે. ભિલોડા તાલુકામાં મોસમનો આજ દિન સુધીનો ૧૦૫૧ મી.મી. વરસાદ નોંધાયો છે. આકાશમાં કાળા ડીંબાંગ વાદળો ઘેરાયેલા રહેતા હોવાના કારણે વધુ વરસાદ આવશે તો ખેડુતો મુશ્કેલીમાં મુકાશે.

### તલોદની સોસાયટીઓમાં પાણીની લાઈનમાંથી

# દૂષિત પાણી સાથે નાની-નાની માછલી આવતા રહીશો ચોંકી ઉઠ્યા

તલોદ, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લાના તાલુકા મથક તલોદ નગર ખાતેની કેટલીક સોસાયટીઓમાં દૂષિત પાણી પુરવઠો આવતો હોવાની બુમારાણ નાગરિકો તરફથી ઉઠવા પામી છે. તેમાંય વળી, તલોદની ચંદ્રપ્રભુ સોસાયટીમાં પાણી પુરવઠાની પાઈપલાઈનમાંથી નાની નાની માછલીઓ આવી પડતી હોવાની પણ ફરિયાદો ઉઠી છે. પરિણામે સોસાયટી વિસ્તારના રહીશોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ તલોદમાં પાણીજન્ય રોગોએ માથુ ઉચકવાની વ્યાપક ફરિયાદો કેટલાક માસથી થઈ રહી છે. ત્યારે પીવાના પાણી સાથે દૂષિત પાણી ભરી જઈને વપરાશકારો સુધી પહોંચી રહ્યું છે. થોડાક દિવસો અગાઉ તલોદ મોડાસા રોડ માર્ગ પર આવેલી ચંદ્રભ્રભુ સોસાયટીમાં પાણી પુરવઠો ચાલુ થાય ત્યારે હોજનો પાણીનો નળ ચાલુ કરતા જ પાણી સાથે નાની નાની જીવતી અને મરેલી માછલીઓએ પણ આવી હતી. જેથી સોસાયટીના રહીશોએ તલોદ નગરપાલિકાને પાણીમાં માછલીઓ આવતી આવતી હોવાની જાણ કરી હતી. રહેણાંકવાસીઓના દાવા મુજબ તલોદ નગરપાલિકાએ આજ સુધી આ ઘટનાને ગંભીર નહી હોવાને લઈ કોઈ જ પગલાં લીધા નથી. ત્યારે આજે ફરી એકવાર પાણી સાથે મરેલી અને જીવતી માછલીઓ આવતા સહજભાવે પંથકના પ્રજાજનોની ઉંઘ હરામ થઈ જવા પામી છે. તંત્ર આ મામલે ગંભીરતાપૂર્વક નોંધ લઈ કાર્યવાહી કરી દૂષિત પાણીને બદલે પીવાલાયક યોગ્ય પાણી નાગરિકોને મળે તેવી વ્યવસ્થા ઉભી કરે તેવી માંગ રહીશો કરી રહ્યા છે.

# ખેડબ્રહ્માની હરણાવ નદીના નીર વધ્યા

### ઉપરવાસમાં વરસાદને કારણે ખેડવા ડેમમાંથી ૭૦૦થી વધુ કયુસેક પાણી છોડાયું

ખેડબ્રહ્મા, તા. ૨૯

સમગ્ર ગુજરાતમાં મુશળધાર વરસાદના લીધે હાલ સપ્ટેમ્બર માસમાં પુનઃ ચોમાસાની સિઝન ખીલી ઉઠી છે ત્યારે ઉપરવાસમાં વધુ પ્રમાણમાં વરસાદ નોંધાતા ખેડબ્રહ્મા તાલુકામાં સ્થિત ખેડવા ડેમમાંથી ૭૦૦થી વધુ કયુસેક પાણી છોડવામાં આવતા તાલુકાની હરણાવ નદીના નીર વધવા પામ્યા છે.

ચોમાસાના અંતિમ ચરણમાં વરસાદ મન મુકીને વરસ્યો છે. પરિણામે મોસમનો કુલ વરસાદ ૧૦૨૦ મી.મી. નોંધાયો છે. ઉપરવાસમાંથી પાણી છોડવામાં આવતા હાલ અનેકો ડમો તેમજ નાના મોટા તળાવો પાણીથી છલકાઈ ગયા છે. ઉપરાંત ઠેર ઠેર પાણી પણ ભરાઈ ગયા છે. જેથી કહીં ખુશી કહીં ગમની સ્થિતિ પેદા થવા પામી છે. રવિવારના રોજ તંત્ર દ્વારા તાલુકામાં સ્થિત ખેડવા ડેમમાંથી ૭૦૦ થી વધુ કયુસેક પાણી છોડવામાં આવ્યું હતું. હરણાવ નદીમાં પાણીની આવક નોંધાતા હાલ નદી બે કાંઠે થઈ જેને નજરે નિહાળવા પણ નાગરિકો આવી રહ્યા છે.



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

# સાંપડ ગામે ઢોરો ચરાવવા ગયેલ ૧૯ વર્ષીય યુવતી ઝાડ પરથી પટકાતા મોત

પ્રાંતિજ, તા.૨૯

પ્રાંતિજમાં પાછોતરો વરસાદ બરાબરનો વરસી રહ્યો છે ત્યારે તાલુકાના સાંપડ ગામે બપોરના સુમારે ખુલ્લી જગ્યાઓમાં ભેંસો ચરાવવા ગયેલ ૧૯ વર્ષીય યુવતી ઝાડ પરથી પટકાતા મોતને ભેટી હતી આ સંદર્ભે પ્રાંતિજ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ પ્રાંતિજ સહિત આસપાસના તાલુકાઓમાં પાછોતરો વરસાદ ભરપુર થતા ખેતરો-લીલાછમ થઈ ગયા છે અને પશુઓ માટેનો ઘાસચારો પણ પુષ્કળ થયો છે. અને લીલાછમ ઘાસાચારની લાયમાં આજે એક યુવતીએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. પ્રાંતિજ તાલુકાના સાંપડ ગામે રહેતા ૧૯ વર્ષીય યુવતી અનીબેન કાળાજી પરમાર પોતાની ભેંસો સહિત ઢોરઝાંખર લઈ વરસતા વરસાદે ઢોરો ચરાવવા નિકળી હતી અને થોડા દૂર ખુલ્લી જગ્યામાં ઉંચા ઝાડ પર ઉગેલ લીલો વેલો જોયો હતો. દરમિયાન યુવતી ભેંસોને લીલો વેલો ખવડાવવા માટે ઝાડ પર ચડી હતી ત્યારે જ અચાનક જ ઝાડ પરથી લપસી પડી હતી અને જમીન પર પટકાઈ હતી જેથી માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા સ્થળ પરથી તેનું પ્રાણ પંખેરું ઉડી ગયું હતું. આ મામલે પ્રાંતિજ પોલીસ મથકે જાણ થતાં પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# ગુજરાતમાં જે વિકાસ થયો છે તેની દેશ દુનિયામાં પ્રશંસા થાય છે : કૌશિકભાઈ પટેલ

### દાંતા ખાતે ગરીબ કલ્યાણ મેળો યોજાયો : દાંતા અને અમીરગઢ તાલુકાના ૩૩૧૦ લાભાર્થીઓને ૫.૩૭ કરોડની સહાયનું વિતરણ કરાયું

પાલનપુર, તા. ૨૯

બનાસકાંઠા જિલ્લાના દાંતા મુકામે ગુજરાત રાજય ૨૦ મુદા અમલીકરણ સમિતિના અધ્યક્ષશ્રી અને પૂર્વમંત્રીશ્રી કૌશીકભાઇ પટેલના અધ્યક્ષસ્થાને -નત્ત કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો યોજાયો હતો. આ -સંગે અધ્યક્ષશ્રી પટેલ અને મહાનુભાવોના હસ્તે દાંતા અને અમીરગઢ તાલુકાના કુલ-૩૩૧૦ લાભાર્થીઓને રૂ. ૫.૩૭ કરોડની સાધન સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ -સંગે અધ્યક્ષશ્રીએ -ાસંગિક -વચન કરતાં જણાવ્યું હતુ કે વિકાસપુરુષ તરીકે વિશ્વભરમાં -સિધ્ધ એવા આપણા લોકલાડીલા મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીના શાસનમાં ગુજરાતમાં તમામ ક્ષેત્રોમાં જે વિક્રમજનક વિકાસ થયો છે તેની સમગ્ર દેશ અને દુનિયામાં -શંસા થાય છે.



તેમણે કહ્યું કે મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીના શાસનમાં રાજયમાં ૯૭૧ થી વધુ ગરીબ કલ્યાણ મેળાઓ યોજીને ૧૧,૦૦૦ કરોડ રૂપિયાથી વધુની સહાય ૭૪ લાખ ગરીબ લાભાર્થીઓને આપવામાં આવી છે. પરિણામે ગરીબોના જીવનધોરણમાં નોંધપાત્ર -ગતિ થઇ છે. તેમણે લાભાર્થીઓને અનુરોધ કર્યો કે અત્રેથી મળેલ લાભનો કાળજીપૂર્વક અને મહેનત વડે સરસ ઉપયોગ કરીને સુખ સમૃધ્ધિ લાવીએ. તેમણે કહ્યું કે ગરીબ કલ્યાણ મેળાઓ દ્વારા અત્યાર સુધીમાં દાંતા અને અમીરગઢ તાલુકાના કૂલ ૧,૧૧,૦૩૬ લાભાર્થીઓને કૂલ રુ.૧૩૬.૬૩ કરોડની જંગી સહાય આપવામાં આવી છે.

ગુજરાત ગોપાલક વિકાસ બોર્ડના અધ્યક્ષશ્રી ડો.સ ંજયભાઇ દેસાઇએ કહયું કે, વડા-ધાનપદના ઉમેદવાર અને આપણા લોકપ્્રિય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીને દિલ્હીની ગાદી પર બેસાડવા સમગ્ર દેશના લોકો આતુર છે તે આપણા માટે આનંદ અને ગૌરવની બાબત છે ત્યારે આપણે સૌ સક્રિય અને સંકલ્પબધ્ધ બની પુરતુ યોગદાન આપીએ. તેમણે લાભાર્થીઓને અનુરોધ કર્યો કે અત્રેથી મળેલ લાભનો કાળજીપૂર્વક અને પુરુષાર્થ વડે સરસ ઉપયોગ કરીને -ગતિ કરીએ.

તેમણે કહ્યું કે રાજયમાંથી ગરીબીના દૂષણને હમેશ માટે મિટાવી દેવા રાજય સરકાર ગરીબ કલ્યાણ મેળાઓ યોજીને એક જ પ્લેટફોર્મ પરથી વિવિધ વિભાગોની જંગી સાધનસહાયના લાભોનું ગરીબોને એક જ સમયે અને એક સાથે વિતરણ કરવામાં આવે છે. અધ્યક્ષશ્રી દેસાઇએ કહયું કે આદિજાતિ લોકો અને તે વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે રાજય સરકાર દ્વારા રુ. ૧૮,૦૦૦ કરોડનું જંગી ખર્ચ કરીને સુખમય પરિવર્તન લાવવામાં આવ્યું છે.

સાંસદશ્રી હરિભાઇ ચૌધરીએ જણાવ્યું કે આપણા લોકલાડીલા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીને દિલ્હીની શાસનધુરા ઉપર બેસાડવા સમગ્ર દેશના લોકો આતુર છે.

તેમણે કહયું કે છેલ્લા દસકામાં મૂખ્યમંત્રીશ્રી મોદીના શાસનમાં રાજયમાં તમામ ક્ષેત્રોમાં વિક્રમજનક વિકાસ થયો છે તેનાથી સમગ્ર દેશને વિકાસ અને સુશાસનની નવી દિશા મળી છે. તેમણે કહયું કે ગરીબ કલ્યાણ મેળાઓને લીધે લાખો ગરીબ પરિવારોના જીવનમાં સુખમય પરિવર્તન આવ્યું છે.




# ભિલોડા આર. જી. બારોટ એમ.એસ.ડબલ્યું કોલેજમાં સ્ટેટ લેવલ સેમીનાર યોજાયો

ભિલોડા,તા.૨૯

ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત આર.જી.બારોટ એજ્યુંકેશન કેમ્પસમાં આવેલ આર.જી.બારોટ એમ.એસ.ડબલ્યું કોલેજમાં સ્ટેટ લેવલ સેમીનાર યાજાયો. હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિ.પાટણ, સફર સંસ્થા અમદાવાદ, જેન્ડર રીસોર્સ સેન્ટર (ગુજરાત સરકાર) અમદાવાદ સાથે સંલગ્ન ૨૧મી સદીમાં બદલાતી જતી મહિલાની ભુમિકા અને તેની સામેના પડકારો વિષય પર સેમીનારનું આયોજન કરાયુ હતું.



આ પ્રસંગે ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ મંત્રી કિર્તીકુમાર બારોટ, સહમંત્રી નયનાબેન બારોટ, સમાજકાર્ય વિભાગ પાટણના એચ.ઓ.ડી. ડૉ.ગાર્ગીબેન રાવલ, સફર એન.જી.ઓ.ડાય. સોફીયાખાન, જેન્ડર રીસોર્સ સેન્ટર ઓ.મિતાબેન પટેલ, જેન્ડર રીસોર્સ સેન્ટર આસી.કો.ઓ. હિમાનીબેન સહિત અગ્રણીઓ સ્ટેટ લેવલના સેમિનારમાં ઉપસ્થિત રહ્યા હતા.આ સ્ટેટ લેવલના સેમીનારમાં વિવિધ કોલેજોના આચાર્યઓ, એન.જી.ઓ. પ્રતિનિધિઓ ગુજરાતભરના ૪૦૦થી વધુ તાલિમાર્થીઓ હાજર રહ્યા હતા. મહેમાનો ધ્વારા પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે વર્તમાન મહિલાની સ્થિતી, તેમની સમસ્યાઓ મહિલાઓના વિકાસ વગેરે માટે ધારદાર વ્યક્તવ્યો રજુ કરી તેમના જ્ઞાનનો લાભ આપ્યો હતો. કાર્યક્રમમાં ભાગ લેનાર તાલિમાર્થીઓ ધ્વારા નારી વિકાસ માટે અલગ અલગ ૧૬ વિષયો ઉપર પોતાના સંસોધન પેપરો રજુ કર્યા હતા. ભિલોડા આર.જી.બારોટ એમ.એસ.ડબલ્યું. કોલેજમાં સ્ટેટ લેવલ સેમીનાર કાર્યક્રમનું સફળ આયોજન આચાર્ય ભીખાભાઈ પટેલ તેમજ સ્ટાફ પરીવાર ધ્વારા કરાયું હતું.

## સાંપડ ગામે સાબરકાંઠા જિલ્લા મહિલા મોરચાની બેઠક યોજાઈ

સાબરકાંઠા જિલ્લા મહિલા મોરચાની એક અગત્યની બેઠક તાજેતરમાં સાંપડ ગામે યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં જિલ્લાભરમાંથી મહિલાઓ જોડાઈ હતી. સાબરકાંઠા જિલ્લા મહિલા મોરચાના અધ્યક્ષના સ્થાને મળેલી આ બેઠકમાં આગામી લોકસભાની ચૂંટણીની તૈયારીઓ માટે મહિલાઓને માહિતગાર કરવામાં આવી હતી. તેમજ ગુજરાત સરકારની સિદ્ધિઓ ગામે-ગામ લઈ જઈ મહિલાઓના મતો કેમ ખેંચવા તે માટે રણનીતિ નક્કી કરવામાં આવી હતી.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન